

# કેટી પેરી અને જસ્ટિન ટ્રુડોની રોમેન્ટિક પિકનિક

**કેટી** અને ટ્રુડો એક સુંદર બગીચામાં એકબીજા પ્રત્યે પ્રેમ દર્શાવતા અને કિસ કરતા જોવા મળ્યા હતા

વોશિંગ્ટન, તા. 16: ગાયિકા કેટી પેરી અને કેનેડાના પૂર્વ વડા પ્રધાન જસ્ટિન ટ્રુડો શનિવારે કેલિફોર્નિયાના સાન્ટા બાર્બરામાં એક રોમેન્ટિક મુલાકાત દરમિયાન સાથે જોવા મળ્યા હતા. 41 વર્ષની કેટી અને ટ્રુડોએ એક સુંદર બગીચામાં લાલ ચેક્સવાળી ચાદર બિછાવીને પિકનિકનો આનંદ માણ્યો હતો, જ્યાં બંને એકબીજા પ્રત્યે ઘણો પ્રેમ દર્શાવતા, કિસ કરતા અને ખુશમિજાજ અંદાજમાં લંચ લેતા નજરે પડ્યા હતા. આ જોડીએ ગયા અઠવાડિયે ન્યૂયોર્કમાં કેટીની કોન્સર્ટ ફિલ્મના પ્રીમિયર વખતે પ્રથમ વખત સાથે દેખાઈને પોતાના સંબંધો જાહેર કર્યા હતા. આ પિકનિકમાં માત્ર તેઓ બંને જ નહીં, પરંતુ તેમનો પરિવાર પણ સાથે હતો. જેમાં કેટીની માતા મેરી, કેટીની 5 વર્ષની પુત્રી ડેઝી ડવ અને ટ્રુડોનો 12 વર્ષનો નાનો પુત્ર હેડ્રિયન પણ સામેલ હતા. આખો પરિવાર બગીચાના પ્લેગ્રાઉન્ડમાં સાથે સમય વિતાવતો જોવા મળ્યો હતો. કેટી પેરીએ ટ્રુડોને પોતાના જીવનનો સાચો પ્રેમ ગણાવ્યા છે અને ગર્વથી કહ્યું છે કે આ સંબંધે તેના જીવનમાં એક મજબૂત આધાર અને સ્થિરતા લાવી છે, જેનાથી તે હવે વધુ પરિપક્વ અને સંપૂર્ણ અનુભવી રહી છે.

# દિલ્હીમાં પાકિસ્તાન પ્રેરિત આતંકી નેટવર્ક ઝડપાયું

**શસ્ત્રો** અને ડ્રગ્સ સાથે 7 સાગરીતોની ધરપકડ

**દિલ્હીના** સંવેદનશીલ સ્થળોની રેકી કરી તેના ફોટા-વીડિયો પાકિસ્તાન મોકલતા હતા

**પાકિસ્તાની** ગુપ્તચર સંસ્થા ISI સમર્થિત પાકિસ્તાની આંતવાદી સંગઠન માટે કામ કરતા હતા



નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ): દિલ્હી પોલીસે દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સક્રિય પાકિસ્તાન સમર્થિત એક મોટા આતંકી અને ગુનાહિત નેટવર્કનો પર્દાફાશ કરીને 7 સાગરીતોની ધરપકડ કરી છે.

આ આરોપીઓ પાકિસ્તાનથી સરહદ પારથી શસ્ત્રો અને માદક પદાર્થોની દાણચોરી કરતા હતા અને દિલ્હીના સંવેદનશીલ સ્થળોની રેકી કરીને તેના ફોટા પાકિસ્તાનમાં બેસેલા આકાઓને મોકલતા હતા. તપાસકર્તાઓના જણાવ્યા મુજબ, આ નેટવર્ક પાકિસ્તાનમાં રહેતા ગેંગસ્ટરમાંથી આતંકી બનેલા શહઝાદ ભટ્ટી અને તેના સાથી અજમલ ગુજ્જર માટે કામ કરતું હતું, જેમને પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ઈન્ટર-સર્વિસ ઈન્ટેલિજન્સ (આઈએસઆઈ) નું સમર્થન હોવાની આશંકા છે. આ ટોળકી પંજાબમાં ડ્રોન દ્વારા ફેંકવામાં આવતા ગેરકાયદેસર શસ્ત્રો અને ડ્રગ્સ મેળવીને તેને દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સપ્લાય કરતી હતી.

ધરપકડ કરાયેલા આરોપીઓની ઉંમર 26થી 38 વર્ષની વચ્ચે છે અને તેમાંથી કેટલાંક શખ્સો હત્યા, લૂંટ અને શસ્ત્ર કાયદા જેવા ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. પોલીસ ઓપરેશન દરમિયાન 5 અત્યાધુનિક પિસ્તોલ, 41 જીવતા કારતૂસ, પાકિસ્તાની આકાઓ સાથેની શંકાસ્પદ ચેટ ધરાવતા 7 મોબાઈલ ફોન અને એક મોટી ગાડી જપ્ત કરવામાં આવી છે. પોલીસને મે મહિનામાં ગુપ્ત માહિતી મળી હતી કે સોશિયલ મીડિયા દ્વારા યુવાનોની ભરતી કરીને દિલ્હીમાં હુમલાનું કાવતરું ઘડાઈ રહ્યું છે, જેના આધારે જાળ બિછાવીને આ ધરપકડ કરાઈ હતી.

આરોપીઓએ પૂછપરછમાં કબૂલ્યું છે કે તેઓ સંવેદનશીલ સ્થળોની વીડિયોગ્રાફી કરીને પાકિસ્તાન મોકલતા હતા. આ ટોળકી પૈસા અને વૈભવી જીવનની લાલચ આપીને યુવાનોને ફસાવતી હતી અને પકડાઈ જવાથી બચવા માટે એન્ક્રિપ્ટેડ એપ્લિકેશન્સ, હવાલા ચેનલો અને અનામી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનો ઉપયોગ કરતી હતી. આંતરરાષ્ટ્રીય સરહદ પારના આ સમગ્ર કાવતરાના મૂળ સુધી પહોંચવા માટે પોલીસ હાલમાં વધુ તપાસ ચલાવી રહી છે.



## રણવીર સિંહે ખરીદી રૂ. 6.36 કરોડની નવી ફેરારી




મુંબઈ, તા. 16: બોલિવૂડના ‘બાજીરાવ’ એટલે કે રણવીર સિંહના લક્ઝરી ગેરાજમાં વધુ એક ધાંસુ એન્ટ્રી થઈ છે. રણવીરે રૂ. 6.36 કરોડની બ્રાન્ડ ન્યૂ ફેરારી ખરીદી છે. 16 જૂનની સવારે જેવી આ ખબર સામે આવી સોશિયલ મીડિયા પર જોતજોતાંમાં ટ્રેન્ડ થવા લાગી. સ્પીડ અને ઇટાલિયન એન્જિનિયરિંગ માટે રણવીરનો પ્રેમ જૂનો છે અને આ નવી સુપરકાર તેમના આ જ જુસ્સાને દર્શાવે છે. રણવીર પાસે પહેલાથી જ દુનિયાની શાનદાર કારોનું કલેક્શન છે, જેમાં હવે આ એક મોટું નામ જોડાઈ ગયું છે. જોકે, ડીલરશિપે હજી સુધી કારના સ્પેસિફિક વેરિઅન્ટનો ખુલાસો કર્યો નથી, પરંતુ જાણકારોનું માનવું છે કે, આ એક ખાસ કસ્ટમાઇઝ્ડ મોડલ છે. આની એક્સ-શોરૂમ કિંમત રૂ. 6.36 કરોડથી શરૂ થાય છે.

## અંબાણી પરિવારે રિહાનાને ગિફ્ટ કર્યું રૂ. 2.2 કરોડનું બ્રેસલેટ



મુંબઈ, તા. 16 : પોપ સ્ટાર રિહાનાને મુકેશ અંબાણી પરિવારે એક ડાયમંડ ટેનિસ બ્રેસલેટ ગિફ્ટ કર્યું છે. જેની કિંમત આશરે 2.2 કરોડ રૂપિયા બતાવવામાં આવી રહી છે. રિહાનાએ સોશિયલ મીડિયા પર સામે આવેલા એક વીડિયોમાં આ બ્રેસલેટને બતાવ્યું અને સ્પષ્ટ કર્યું કે, આ તેમને ભારતમાં અંબાણી પરિવાર તરફથી મળ્યું છે. રિહાના એપ્રિલમાં પોતાના બ્યુટી બ્રાન્ડના સિલસિલામાં મુંબઈ આવી હતી, જ્યાં તેણે એન્ટિલિયામાં અંબાણી પરિવાર સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઇન્સ્ટાગ્રામ પર ‘ધ પીપુલ ગેલેરી’ નામના પેજે એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં રિહાના પોતાના રોજના પહેરવેશ અને ફેશન વિશે વાત કરી રહી છે. તેણે ડબલ ડેનિમ આઉટફિટ પહેરેલું છે અને હાથમાં સેલીન બ્રાન્ડની બેગ લીધી છે.

## ગોવિંદા હેર પેચ પહેરે છે, પત્ની સુનીતાએ ખુલાસો કર્યો



મુંબઈ, તા. ૧૬: સુનીતા આહુજાએ તેમના જીવનનો મોટા ભાગનો સમય તેમના પતિ અને અભિનેતા ગોવિંદાને પડદા પાછળ રહીને સપોર્ટ કરવામાં અને તેમનું ઘણું ખરું કામ સંભાળવામાં વિતાવ્યો છે, પરંતુ છેલ્લાં કેટલાંક વર્ષોમાં સુનીતાએ તેમના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને તેમની યૂટ્યૂબ ચેનલ દ્વારા પોતાનો એક બિઝનેસ ઊભો કરવાનું શરૂ કર્યું છે. એક નવા ઇન્ટરવ્યુમાં સુનીતાએ પોતાના હંમેશાં સ્પષ્ટવક્તા અંદાજમાં જણાવ્યું કે, ગોવિંદા, અન્ય ઘણા અભિનેતાઓની જેમ, હેર પેચ (નકલી વાળ) પહેરે છે. તેમણે એ વાતની પણ સ્પષ્ટતા કરી કે તેમણે શા માટે એવું કહ્યું હતું કે તેમના પતિ ગોટ (ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઇમ - સર્વકાલીન મહાન) નથી.

# શિવસેના શિંદે જૂથનો દાવો, ઉદ્ધવ ઠાકરેના 7 સાંસદો સંપર્કમાં

**ચોમાસુ** સત્ર પહેલાં આ સાંસદો શિંદે જૂથમાં જોડાઈ શકે

**ઉદ્ધવ** ઠાકરેએ કહ્યું જો કોઈ પક્ષ છોડવા માગતુ હોય તો તેને રોકવામાં નહીં આવે

**સંજય** રાઉતનો દાવો પક્ષના તમામ સાંસદો એકજૂથ

### સંજય રાઉત લોકસભા સ્પીકરને મળવા દિલ્હી ગયા હોવાની ચર્ચા

ઉદ્ધવ જૂથના 9 સાંસદો અલગ જૂથ ન બનાવી લે તે માટે સંજય રાઉત લોકસભા સ્પીકર ઓમ બિરલાને મળવા દિલ્હી ગયા હોવાની ચર્ચા જાગી હતી, પરંતુ સંજય રાઉત અને સાંસદ અનિલ દેસાઈએ આ વાતને નકારી કાઢી છે. સંજય રાઉતે ભાજપ પર પક્ષો તોડવાનો આરોપ લગાવતા કહ્યું કે આવી પ્રથા દેશના રાજકીય સ્વાસ્થ્ય માટે ખરાબ છે. સંજય રાઉતે શિંદે જૂથના તમામ દાવાઓને ફગાવી દીધા અને કહ્યું કે પક્ષના તમામ સાંસદો એકજૂથ છે અને તૂટવાના સમાચાર તદ્દન ખોટા છે. તેમણે ઉમેર્યું કે થોડા દિવસો પહેલાં જ તમામ સાંસદોએ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ પર અડગ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મુંબઈ, તા. 16: શિવસેના શિંદે જૂથના નેતા કૃપાલ તુમાનેએ એક મોટો દાવો કર્યો છે કે ઉદ્ધવ ઠાકરે જૂથના 7 સાંસદો તેમના સંપર્કમાં છે. તેમણે જણાવ્યું કે ‘ઓપરેશન ટાઈગર’ અંતર્ગત છેલ્લા 1 મહિનાથી આ અંગે ચર્ચા ચાલી રહી છે જે હવે અંતિમ તબક્કામાં છે અને ચોમાસુ સત્ર પહેલાં આ સાંસદો શિંદે જૂથમાં જોડાઈ શકે છે. આ દરમિયાન 14 જૂનના રોજ ઉદ્ધવ ઠાકરેએ પોતાના સાંસદોની બેઠક યોજી હતી, જેમાં તેમણે 2022ની બગાવતનો ઉલ્લેખ કરીને સ્પષ્ટ કહ્યું કે જો કોઈ પક્ષ છોડવા માગતું હોય તો તેને રોકવામાં નહીં આવે, તેઓ ખુશીથી જઈ શકે છે.

# ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુ પર ૬.૭નો ભૂકંપ: વ્યાપક નુકસાન

**૩૨ને** ઇજા, આઠ ગંભીર

**૬૪** મકાનોને તથા કેટલીક જાહેર ઇમારતોને અને બે પુલોને નુકસાન

પાલુ(ઈન્ડોનેશિયા), ૧૬ જૂન(એપી): મધ્ય ઈન્ડોનેશિયાના સુલાવેસી ટાપુના એક ભાગમાં મંગળવારે ૬.૭ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે છુટુંછવાયું પણ ભારે નુકસાન થયું હતું અને આઠ વર્ષ પહેલાં ભૂકંપ તથા સુનામીથી તબાહ થયેલા શહેરના રહેવાસીઓ ધ્રુજી ઉઠ્યા હતા. ભૂકંપના જોરદાર આંચકાઓને કારણે આશરે ૪ લાખની વસ્તી ધરાવતા અને સેન્ટ્રલ સુલાવેસી પ્રાંતની રાજધાની એવા પાલુ શહેર અને તેની આસપાસના લોકો ખુલ્લા વિસ્તારોમાં ભાગી ગયા હતા. સલામતીના પગલારૂપે કેટલીક હોસ્પિટલોએ દર્દીઓને, જેમાંથી કેટલાકને આઈવી ડ્રિપ ચઢાવેલા હતા, તેમને બહાર સુરક્ષિત સ્થળે ખસેડ્યા હતા. વિસ્તારમાંથી સામે આવેલી તસવીરોમાં આંશિક રીતે ધરાશાયી થયેલી છતો, તૂટેલી દીવાલો અને રસ્તાઓ પર કાટમાળ વેરવિખેર જોવા મળ્યો હતો, જેનાથી ઈમારતોને ભારે નુકસાન થયું હોવાનું સ્પષ્ટ દેખાતું હતું. રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન એજન્સીએ જણાવ્યું હતું કે ૩૨ને ઈજા થઈ છે તેમાંથી આઠની ઈજા ગંભીર છે. ઈમારતો અને માળખાઓને વ્યાપક નુકસાન થયું છે. ૬૪ મકાનો, ચાર પૂજાસ્થળો, ચાર જાહેર સવલતો, બે પુલો, બે સરકારી ઈમારતો, એક કાફે અને એક હોટલને નુકસાન થયું છે.

KALAMANDIR
YOUR FAVOURITE JEWELLERY DESTINATION
કલામંદિર નો સ્માર્ટ ભાવ
22KT દાગીનાનો ભાવ ₹13,778 પ્રતિ ગ્રામ
+ 7% ની ઘડામણ ₹964 પ્રતિ ગ્રામ
આજનો સ્માર્ટ ભાવ મજૂરી સહીત ₹14,742 પ્રતિ ગ્રામ +GST
ફક્ત 7%
ઘડામણ તમામ પ્રકારના 22kt દાગીના પર
પોલકી | એન્ટિક | પ્લેન
MUMBAI | AHMEDABAD | SURAT | VAPI | BHARUCH | KOSAMBA
CONTACT NO. +91 95109 70230 | 80000 36001
*શરતો લાગુ - *7% મજૂરી ૧૦ ગ્રામની ઉપર ની જ્વેલરી પર લાગુ

12 વર્ષ વિશ્વાસના, વિકાસના, જનકલ્યાણના
સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

અંતર નહીં બને અવરોધક,
શિક્ષણ બનશે સમાયોજક

બિરસા મુંડા જનજાતીય ગૌરવ પરિવહન



મુખ્ય વિશેષતાઓ અને લાભ

નવી પહેલ: આદિજાતિ વિકાસ વિભાગ અંતર્ગત આદિજાતિ વિસ્તાર માટે કુલ ₹૧૩૨ કરોડના ખર્ચે ૪૫૦ બસોને મંજૂરી.

વ્યાપ: રાજ્યના તમામ ૧૪ આદિજાતિ જિલ્લાઓના અંતરિયાળ વિસ્તારોમાંથી શાળામાં અપ-ડાઉન કરતા ૧૨ હજારથી વધુ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને સીધો લાભ.

હાલની સ્થિતિ: ૧૧૧ GPS યુક્ત બસો અંદાજિત ૧૦૦ રૂટ પર સફળતાપૂર્વક કાર્યરત છે, જેનો ૭૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

આગામી આયોજન: વધુ ૩૩૯ બસો પણ ટૂંક સમયમાં જ વિદ્યાર્થીઓની સેવામાં કાર્યરત કરવામાં આવશે.

શિક્ષણની પહોંચ સરળ : આદિજાતિ વિદ્યાર્થીઓને ઘર આંગણેથી શાળા સુધી પહોંચવા માટે પરિવહનની ઉત્તમ સુવિધા પૂરી પાડી શિક્ષણ તરફ અગ્રેસર કરવાનું મુખ્ય લક્ષ્ય.

વેબ પોર્ટલ મારફત સ્માર્ટ મોનિટરિંગ

વિદ્યાર્થીઓની સુરક્ષા અને સુવિધા માટે ખાસ વેબ પોર્ટલ વિકસાવવામાં આવેલ છે, જેમાં રિઅલ-ટાઇમ ડેટા અપડેટ થાય છે.

હવે આદિજાતિ બાળકોને પોતાની પસંદગી મુજબનું ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવવાની સુવિધા.




આદિજાતિ બાળકોને ઘરઆંગણેથી શાળા સુધી પહોંચાડતી આ સ્માર્ટ બસ સેવા એ '૧૨ વર્ષ વિશ્વાસના અને જનકલ્યાણના' શાસનનું એક ઉત્તમ અને સંવેદનશીલ ઉદાહરણ છે.

- શ્રી હર્ષ સંઘવી
માનનીય નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

વિકસિત ભારત, વિકસિત ગુજરાત...